**વૈશ્વિક ટીમો વચ્ચેની ક્રિકેટ મેચ એટલે કરોડોની ઘટના. અને એવી ઘટનામાં મુખ્ય નાયક જ ગુમ થઈ જાય, કોઈ તેનું અપહરણ કરીને તેને છોડવા બદલ કરોડોની માંગણી કરે, ત્યારે મજબૂરીએ શરણે જવાનું હોય. કારણ કે એ બે-પાંચ કરોડ બચાવવા જતા અગણિત કરોડોની મેચ ગુમાવવી પડે અને... કદાચ... એ નાયકના પ્રાણ પણ...**

# થોડીવાર ડિટેક્ટીવ મટી જઈને અમારું કામ પતાવો



## રણજીત એટલે જીત – 2

**તું બહુ હોશિયાર લાગે છે, જુવાન! પણ આ લોકો પણ હોશિયાર છે, તેમણે પહેલેથી જ ચૂપ રહેવાનું વચન મારી પાસેથી લઈ લીધું છે અને હું કદી વચન તોડતો નથી**

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

આખા ઓરડામાં સન્નાટો છવાઈ ગયો. ક્રિકેટ એસોસિયેશનના મંત્રીએ એટલા બધા આઘાતથી વાત કરી કે બધા સ્તબ્ધ થઈ ગયા. સૌ મંત્રી ભણી પ્રશ્નાર્થ નજરે તાકી રહ્યા એટલે તેમણે સૌની જાણ ખાતર સમજાવટભર્યા સૂરે વાત મૂકી.

"ગજાનન શીર્કે પાસેથી ડાકુઓએ વચન મેળવ્યું છે કે તે કોઈ પ્રશ્નોના જવાબ કોઈને નહીં આપે. આજે વીસેક વર્ષથી હું શીર્કેને ઓળખું છું. તેણે આપેલું વચન પાળ્યું ન હોય એવો એકેય પ્રસંગ બન્યો નથી. માટે, અજયબાબુ, થોડીવાર ડિટેક્ટિવ મટી જઈને અમારા દોસ્ત તરીકે આખું કામ પાર પાડો. રણજીત દેસાઈ સાડા દસ પહેલાં મેદાન પર પહોંચી જાય એવું કરો."

અજયે નિસાસો નાખ્યો. "ભલે, ત્યારે બોલો, કેવી રીતે કામ પતાવવાનું છે?"

"બરાબર દસ વાગ્યે તમારે હોટેલ સનસાઇનમાં શીર્કેના રૂમ પર પૈસા લઈને પહોંચવાનું છે. પૈસા મળતા જ ગજાનન કોઈક રીતે અપહરણકારોને એ અંગે ખબર આપશે. એ ખબર મળે એટલે એ લોકો અહીં સ્ટેડિયમ પર રણજીતને પહોંચાડશે અને રણજીત રમત શરૂ કરી શકશે. આપણે તેમને રૂપિયા પહોંચાડીએ તો એ લોકો રણજીતને કશી ઈજા પહોંચાડશે નહીં."

"એ લોકો વચન પાળશે એની શી ખાતરી?"

"રણજીત અહીં પહોંચી જાય એટલે મારે તમને હોટેલ સનસાઇનમાં ગજાનન શીર્કેના રૂમમાં ટેલિફોન કરવાનો છે, પૈસાની આખરી સોંપણી કરીને નીકળવાનું છે."

"તો પછી તમે મને એક સંકેત શબ્દ કહો, તો જ હું માનીશ કે ટેલિફોન તમારો છે... ના, ના... એ શબ્દ મારા કાનમાં કહો."

શેઠ લલિતચંદ્રે અજયના કાનમાં એક સંકેત શબ્દ કહ્યું. પછી તરત જ અજયે નાણાંની બેગ લઈને મોટરસાઇકલ ભગાવી મૂકી.

હોટેલ સનસાઇનના રૂમ નંબર ૩૪૪નું બારણું અજયે ખખડાવ્યું કે તરત જ સફેદ વાળવાળો આધેડ વયનો એક પુરુષ બારણું ખોલીને હાજર થયો.

"તમે કોણ?" તેણે પૂછ્યું.

"મને ક્રિકેટ એસોસિયેશનવાળા શેઠ લલિતચંદ્રે મોકલ્યો છે. આપ જ ગજાનન શીર્કે?" અજયે પૂછ્યું.

"હું જ ગજાનન. આવો, અંદર આવી જાવ."

અજય એ રૂમમાં દાખલ થયો. તરત જ તેની નજર આખા રૂમમાં ફરી વળી. ટેલિફોનના ટેબલ પર પત્રકારો વાપરે છે તેવા રફ કાગળના પેડ અને પેન્સિલ પડ્યાં હતાં. અહીં-તહીં પુષ્કળ છાપાં હતાં. આ ખરેખર એક પત્રકારનો રૂમ છે તેની સાબિતી હતી.

રૂમમાં બીજું કોઈ હાજર નહોતું. અજયે સાવચેતીના ખાતર પૂછ્યું, "તમે જ ગજાનન શીર્કે છો, એની સાબિતી શું?"

પેલો માણસ થોડીવાર તો અજય સામે કડવી નજરે તાકી રહ્યો. પછી હસી પડ્યો. ગજવામાંથી કાર્ડ, કાગળિયાં વગેરે કાઢીને સામે ધરતાં બોલ્યો, "આ છે મારી ડાયરી. પહેલા પાને મારું નામ છે. આ છે ડ્રાઈવિંગ લાઈસન્સ. આ અખબારી પ્રતિનિધિ તરીકેનો મારા છાપાનો ઓળખપત્ર... અને નેશનલ સ્પોર્ટ્સ ક્લબે ભેટ આપેલી મારી આ ઘડિયાળની પાછળ મારું નામ કોતરાયેલું છે."

"ભલે, ભલે."

ઓળખનાં ચિહ્નો બરાબર જણાતાં અજયે બેગ ખોલી. અંદરથી મોટી રકમની ચલણી નોટોનાં બંડલો કાઢીને ટેબલ પર મૂકવા માંડ્યો.

"ગણી જુઓ."

"છટ! આટલા રૂપિયા ગણતાં તો બે કલાક થઈ જાય. મને આજની દિલચસ્પ રમત જોવામાં રસ છે."

ગજાનન થોડાં ડગલાં ભરીને રૂમની પાછળની એક બારી પાસે જઈને ઊભો રહ્યો.

અજય બોલ્યો, "પૈસા મળી જતાં જ તમે પેલા લોકોને ખબર પહોંચાડવાના છો એવું મને કહેવામાં આવ્યું છે."

"એ જ કરું છું, ભાઈ!"

બોલતાં-બોલતાં ગજાનને બારીનું બારણું ઉઘાડ-બંધ, ઉઘાડ-બંધ કરવા માંડ્યું.

"તને એમ લાગે છે કે એ લોકોએ મને કોઈ ટેલિફોન નંબર આપ્યો હશે, જ્યાં હું ખબર પહોંચાડું? અરે ના! ટેલિફોન નંબર કોનો છે એની તપાસ થઈ શકે. મારે તો આમ બારી ઉઘાડ-બંધ કરીને જ સંદેશો પહોંચાડવાનો છે. એકાદ અપહરણકાર આ બારી તરફ નજર રાખીને બેઠો હશે. હવે એ પોતાના સાથીદારોને ટેલિફોનથી કે બીજી કોઈ રીતે જણાવી દેશે કે પૈસા આવી ગયા છે. પછી એ લોકો રણજીતને છોડી મૂકશે."

અજયે પૂછ્યું, "તમે એ લોકોમાંથી કોઈને જોયા છે?"

ગજાનને ભમ્મર ચડાવ્યાં. "તું બહુ હોશિયાર લાગે છે, જુવાન! પણ આ લોકો પણ હોશિયાર છે. તેમણે પહેલેથી જ ચૂપ રહેવાનું વચન મારી પાસેથી લઈ લીધું છે અને હું કદી વચન તોડતો નથી. શેઠ લલિતચંદ્રનો ફોન આવે ત્યાં સુધી લે, આ સિગારેટ ફૂંક."

"હું સિગારેટ પીતો નથી," અજયે કહ્યું. "તમારે એ લોકો સુધી પૈસા કેવી રીતે પહોંચાડવાના છે?"

પણ અજયના આ સવાલને ખાઈ જઈને ગજાનને આરામથી સિગારેટ સળગાવી અને માત્ર સંવાદ ખાતર કહ્યું, "આ મેચ ખરેખર જામશે એવું લાગે છે."

અજયે હતાશાથી હાથ મસળતાં કહ્યું, "તમે વચનના બહુ પાક્કા માણસ છો! ગજાનનરાવ, ગુંડાઓએ બહુ વિચાર કરીને તમને મધ્યસ્થી બનાવ્યા છે. હા, આ મેચ બરાબર જામશે. પણ રણજીતની રમત કેવી જશે? બિચારો અપહરણનો અનુભવ થોડોક તો નડશે જ."

"હં... રણજીતને અસર થશે એમ? ના રે ના! એ તો ફોલાદી ઈચ્છાશક્તિવાળો છોકરો છે. એ તો પોતાની નેચરલ ગેમ જ ખેલશે. આવી સેમીફાઈનલ વખતે એના જમણા હાથમાં ઈજા હોવા છતાં પણ અંગ્રેજ પેટ્રિકના લેગ-સ્પિનર બોસને એણે ઓફમાં કેવો ઊછાળેલો સીધો છગ્ગો માર્યો હતો!"

"ગમે તેમ પણ રણજીત જરાક નર્વસ તો હશે જ."

એટલામાં ટેબલ પરના ફોનની ઘંટડી રણકી. અજય ઊભો થયો. ફોન ઉપાડી લીધો.

સામેથી અવાજ આવ્યો, "હું લલિતચંદ્ર. તમે અજયબાબુ છો ને? રણજીત..."

અજયે ખૂબ દઢ અવાજે કહ્યું, "પહેલાં સંકેત શબ્દ બોલો, પછી વાત કરો."

"સુનામી."

"બરાબર. હવે બોલો."

"રણજીત અહીં પહોંચી ગયો છે. હવે તમે નાણાં ત્યાં મૂકીને પાછા અહીં આવી શકો છો. મેચની તૈયારી ચાલે છે."

આટલું કહીને લલિતચંદ્રે ફોન મૂકી દીધો.

ગજાનન શીર્કે ઉત્સુકતાથી નજીક આવ્યો.

"શું કહે છે લલિતચંદ્ર?"

"કહે છે, રણજીત મેદાન પર પહોંચી ગયો છે. હવે મારે તમને માલ આપી દેવાનો છે."

અને ફડાક્!

અજયે ઉછળીને ગજાનનના જડબા પર એક જોરદાર ફટકો ઝીંકી દીધો.

બિચારો માણસ! એ છ-એક ઈંચ ઊછળીને પીઠભેર ગબડી પડ્યો. અજય તેની પાછળ પહોંચી ગયો. ગજાનન ઊભો થવા ગયો, પણ અજયે બીજી બે-ત્રણ ફટકા એવા જોરથી લગાવ્યા કે બિચારો બેભાન થઈ ગયો.

અજયે બે લાંબા ડગલાં ભરીને રૂમના બાથરૂમનું બારણું ખોલ્યું. ત્યાં બંધનગ્રસ્ત પડેલા આધેડ પુરુષના મોઢામાંથી ડૂચો કાઢતાં અને એનાં બંધન ખોલતાં કહ્યું,

"માફ કરજો, ગજાનનભાઈ. તમને જલદી છોડાવી ન શક્યો. દિલગીર છું. પણ હવે ચાલો. આ બદમાશને બાંધી દઈએ અને તેને તથા નાણાંની બેગને લલિતચંદ્ર પાસે પહોંચાડીએ."

ગજાનન પોતાના કપડાં ખંખેરતો ઊભો થયો અને બોલ્યો,

"એ તો ઠીક, પણ ભાઈ, તમને કેમ ખબર પડી કે આ માણસ ગજાનન નહીં, ગઠિયો છે?"

**(વાચકમિત્રો! ગજાનનના પ્રશ્નનો જવાબ આ વાર્તામાં જ છે. એ માટે ક્રિકેટની રમતની જાણકારી જોઈએ. નહીં તો અઠવાડિયા પછી જવાબ આપવામાં આવશે.)**